# બે વર્ષમાં જિલ્લામાં ૬ ઔદ્યોગિક એકમોમાં આગના બનાવ નોંધાયા

### બે વર્ષમાં ખેડૂતોના વસિયતનામાને આધારે ૧૨૧ નોંધ પાડવામાં આવી છે : મહેસુલમંત્રી

### ● નલ સે જલ યોજનામાં ૩૧૭૫ નળના જોડાણ વીસ કરોડથી વધુના ખર્ચે અપાયા



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય વિધાનસભા ગૃહની આજે બે બેઠક હતી. બપોર પછીની બીજી બેઠકમાં પ્રશ્નોત્તરી હતી. આજે ગૃહમાં મહેસુલ, શ્રમ રોજગાર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, પાણી-પુરવઠા, પશુપાલન અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. જો કે પ્રશ્નોત્તરીમાં મહેસુલ વિભાગ છવાયેલો રહ્યો હતો.

આજે ગાંધીનગર જિલ્લાને લગતા ૧૦ જેટલા પ્રશ્નો પ્રશ્નોત્તરીમાં રજુ થયા હતા.

**● ઘરથાળના મફત પ્લોટ**

કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરથાળના ફાળવેલ પ્લોટ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીએ જણાવ્યુ હતુ કે ૧-૧-૧૯થી ૩૧-૧૨-૧૯ સુધીમાં ૧૩ પ્લોટ અને ૧-૧-૨૦થી ૩૧-૧૨-૨૦ સુધીમાં ૯૨ પ્લોટ મળી કુલ ૧૦૫ પ્લોટ ફાળવવામાં આવ્યા છે.

મંત્રીએ જણાવ્યુ કે બે વર્ષમાં ૧૧ મકાનો પૂર્ણ થયા છે જ્યારે ૫૯ મકાનો પાયાના સ્ટેજે આવેલા છે.

**● ગાંધીનગર ખાતે આઈ.ટી. પાર્ક બનાવવા જમીન**

ગાંધીનગર (ઉ)ના કોંગી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ મે. એકવાઈસન પ્રોપર્ટીઝ પ્રા.લિ. (રાહેજા ગૃપ)ને કોબા ગાંધીનગર ખાતે આઈ.ટી., આઈ.ટી.ઈ.એસ. લેઝ પાર્ક બનાવવા માટે ગૌચરની જમીન ફાળવવામાં આવી છે તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે આ જમીન ગૌચરની હતી.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૭૬,૫૫૩ ક્ષેત્રફળ ચો.મી. જમીનનો ઉપયોગ થાય છે.

તેમણે વધુ એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે આ એકમ પાસેથી ૨૦૧૯-૨૦ માં બિનખેતી મહેસુલ પ્રતિ ચો.મી. ૬૦ પૈસા લેખે રૂ. ૨,૨૫,૯૪૯ વસુલવાનુ થતુ હતુ અને તે વસુલ કરવામાં આવેલ છે. ૨૦૨૦-૨૧માં પણ પ્રતિ ચો.મી. ૬૦ પૈસા લેખે બિનખેતી જમીન મહેસુલ પેટે રૂ. ૨,૨૫,૯૪૯ ની વસુલાત બાકી છે.

**● જિલ્લામાં જમીન ફાળવણી**

કોંગીના વીરજીભાઈ ઠુમ્મરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ઓ.એન.જી.સી.ને કેટલી જમીન ભાડેથી ફાળવી તેવા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કોઈ જમીન ઓ.એન.જી.સી.ને ફાળવવામાં આવેલ નથી.

**● ઔદ્યોગિક એકમોમાં આગ**

કોંગીના શૈલેષ પરમારે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં મળેલ આગના બનાવો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે આ બે જિલ્લામાં ૨૬ આગની ઘટનાઓ બની હતી. જેમાં અમદાવાદ જિલ્લામાં ૨૦ અને ગાંધીનગર જિલ્લામાં ૬ ઘટનાઓ બની હતી.

શ્રમમંત્રીએ જણાવ્યુ હતુ કે આ આગના બનાવોમાં ૧૫ કામદારો મૃત્યુ પામ્યા હતા અને ૧૨ કામદારો ઘવાયા હતા. આ આગ લાગવાના કારણોમાં મુખ્યત્વે શોર્ટસર્કીટ, અચાનક સ્પાર્ક, હોટ મેટલ સ્પ્લેટીંગ વિગેરે જણાયા છે.

મંત્રીએ જણાવ્યુ હતુ કે કુલ ૨૬ કારખાનાઓ પૈકી ૯ માં જવાબદારો સામે કારખાના ધારા-૧૯૪૮ તથા ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ ના નિયમો હેઠળ ફોજદારી કેસો કરવામાં આવેલ છે. તેમજ અન્ય ૧૧ કારખનામાં જવાબદાર સામે સદર અધિનિયમ હેઠળ શો-કોઝ નોટીસ આપેલ છે. ૬ કારખાનામાં કારખાના ધારાની કલમ-૪૦(૨) હેઠળ પ્રતિબંધાત્મક હુકમ પાઠવવામાં આવેલ છે.

**● ઔદ્યોગિક હેતુ માટે પ્રમાણપત્ર**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ઔદ્યોગિક હેતુ માટે જમીનનો ઉપયોગ શરૂ કરવા પ્રમાણપત્ર કાઢી આપેલ હોય પરંતુ તેમાં પાંચ વર્ષની મુદતમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ અથવા માલનું ઉત્પાદન અથવા સેવા પુરી પાડવાનુ શરૂ ન કરેલ હોય તેવા કેટલા કિસ્સા છે તેવા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં આવા ૧૬ કિસ્સા સામે આવ્યા છે.

આ ૧૬ કિસ્સામાં ૭૧,૧૮૯ ચો.મી. જમીનનું ક્ષેત્રફળ છે.

● અનુસંધાન પાન-૬ પર



બેંકોના ખાનગીકરણનો વિરોધ બેંકના કર્મચારીઓ દ્વારા થઈ રહ્યો છે. હડતાલ પર ઉતરેલા એસબીઆઈના કર્મચારીઓએ શક્તિ પ્રદર્શન કરી ખાનગીકરણ સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજર પ્રદિપ સોલંકીએ આકર્ષક પ્લેકાર્ડ દર્શાવી હડતાલનું સમર્થન કર્યુ હતુ.

# આજે ભાજપના દિલીપ પટેલ પ્રમુખપદે અને ગુણવંતસિંહ ચાવડા ઉપ પ્રમુખપદે વરાશે

### કોંગ્રેસ દ્વારા ફોર્મ મેળવાયા પણ ભરવાનું ટાળી બિનહરિફ વરણીનો માર્ગ મોકળો કર્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ચંદ્રાલાના પૂર્વ સરપંચ અને યુવા અગ્રણી દિલીપભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે સાણોદા બેઠકના સિનીયર સભ્ય ગુણવંતસિંહ ચાવડાને આજે વિધિવત રીતે ચૂંટાયેલા પદાધિકારી તરીકે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય દ્વારા સામાન્ય સભામાં જાહેરાત કરાશે.

આજે ૧૧.૨૯ થી ૧૧.૩૯ના સમયગાળામાં સમર્થકો અને શુભેચ્છકો તેમજ જિલ્લા ભાજપના મહામંત્રી આઈ.બી. વાઘેલા, નવા ચૂંટાયેલા સદસ્યોની ઉપસ્થિતિમાં આ બન્ને આગેવાનોએ તેમના ઉમેદવારીપત્રો રજુ કરી દીધા હતા.

પટેલનો ૫ અને ક્ષત્રિયનો ક્ષ ની સ્વ. ભાઈકાકાની ફોર્મ્યુલાને આધાર બનાવી આજે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોના ઉમેદવારી પત્રો ભરાયા હતા.

જિલ્લા ભાજપના મહામંત્રી આઈ.બી. વાઘેલાએ જણાવ્યુ હતુ કે અમે સામાન્ય સભા પૂર્ણ થયા બાદ પક્ષના નેતા, દંડક તેમજ કારોબારી સમિતીના સભ્યોના નામ પણ જાહેર કરી દેશુ. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાને પારદર્શક વહીવટની સાથે વિકાસના અભિગમને સાકાર કરીશુ. સૌનો સાથ અને સૌનો વિકાસ એ અમારો

● અનુસંધાન પાન-૬ પર

## સામાન્ય સભાને લઈ પંચાયતનું તંત્ર હરકતમાં આવ્યુ : સભ્યોનું ટેમ્પરેચર મપાશે

### સભાખંડમાં સભ્યો; જરૂરી અધિકારીઓ અને ફરજ પરના કર્મયોગીઓને જ પ્રવેશ અપાશે

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળનારી પ્રથમ સામાન્ય સભાને લઈ જિલ્લાતંત્ર હરકતમાં આવી ગયુ છે. આ પ્રથમ સામાન્ય સભાને લઈ કર્મચારી-અધિકારીઓને પણ ખાસ ફરજ સોંપવામાં આવી છે.

કોરોના ગાઈડલાઈનનું ચુસ્ત અમલીકરણ કરવા તંત્રએ ચૂંટાયેલા સભ્યો સિવાય અને ફરજ પરના કર્મયોગીઓ સિવાય કોઈને પણ સભાખંડમાં પ્રવેશ અપાશે નહિ. સભાખંડમાં બેઠક વ્યવસ્થામાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવામાં આવશે.

સભાગૃહમાં પ્રવેશ કરતાં પહેલા આરોગ્યના કર્મયોગીઓ દ્વારા થર્મલ ગનથી ટેમ્પરેચર ચેક કરવામાં આવશે તેમજ સેનીટાઈઝેશન કર્યા બાદ જ દરેકને અંદર જવા દેવામાં આવશે. સભાખંડમાં સભ્યોએ માસ્ક ફરજીયાત પહેરવાનો રહેશે.

બીજી તરફ પોલીસતંત્રને પણ મોટો સમૂહ ભેગો ના થાય અને સંકુલ બહાર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટેની પણ ખાસ સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા હોવાથી હરકતમાં આવેલ તંત્રએ ગાઈડલાઈનનો ચુસ્તતાથી અમલ થાય તે માટે પુરતી તકેદારી લીધી છે. આજે સાંજે જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલનું પણ સેનીટાઈઝેશન કરી દેવામાં આવ્યુ છે.

સભાખંડમાં બેઠક વ્યવસ્થાને પણ આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. સભાખંડમાં દરેક શાખાના અધિકારીઓને બદલે માત્ર ફરજ જેમને સોંપવામાં આવેલ છે તે જ કર્મયોગીઓને પ્રવેશ આવામાં આવશે.

# શહેરીજનોમાં સંક્રમણની 'ફડક' પેસી જતાં માર્ગો અને માર્કેટ સુમસામ બન્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં વધેલા કોરોના પોઝીટીવ કેસોના પગલે શહેરીજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે અને જેની સીધી અસર આજે પાટનગરના માર્ગો તથા બજારો પર જોવા મળી હતી. શહેરના રાજમાર્ગો પર આજે ટ્રાફિકમાં ભારે ઘટાડો અને બજારોમાં પણ એકાએક સુનકાર જેવી સ્થિતિ અનુભવાઈ હતી તથા મોટાભાગના વેપારીઓને ઘરાકી ઓછી થઈ ગઈ હોવાનું પ્રતિત થયું હતુ. રાજ્યના ચાર મહાનગરોમાં રાત્રી કરફ્યુમાં સપ્તાઈ અને મોટેરા ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આગામી મેચ પ્રેક્ષકો વગર જ રમાડવા જેવા નિર્ણયોને પગલે નાગરિકોમાં કોરોના કેસો વધી ગયા હોવાની દહેશત ફેલાવા પામી છે અને આ પ્રકારના આકરા નિર્ણયોનો સરકારે અમલ કરવો પડ્યો છે તેથી મામલો ગંભીર હોવાના ફફડ શહેરીજનોમાં વર્તાઈ રહી છે. આમ પણ છેલ્લા બે-ત્રણ દિવસથી શહેરમાં ફરી લોકડાઉન કે લોકડાઉન જેવા નિયંત્રણો લાદવામાં આવશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ હતુ તેમજ ગાંધીનગરમાં કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા હવે ડબલ ફિગરમાં આવવા લાગતા શહેરીજનો ફરી એકવાર ચિંતિત બન્યાં છે. એક તરફ પાટનગરમાં રસીકરણ અભિયાન પણ જોરશોરથી ચાલી રહ્યું છે પરંતુ મોટાભાગના નાગરિકો હજુ પણ રસીકરણથી વંચિત છે તેથી સ્વાભાવિક રીતે જ કોરોના સંક્રમણ વધતુ જણાતા નાગરિકો જાતે જ એલર્ટ મોડમાં આવી ગયા હોવાનું જણાય છે અને પોતાની ગતિવિધીઓ પર નિયંત્રણ રાખવાનું શરૂ કરી દેતા શહેરના માર્ગો પર ટ્રાફિકમાં નોંધપાત્ર રીતે ઘટાડો તેમજ શહેરના બજારોમાં પણ ચહલપહલમાં તદ્દન ઘટાડાનો અનુભવ થઈ રહ્યો છે.

## જિલ્લા પંચાયત બાદ દહેગામ-માણસામાં પણ પ્રમુખપદે પાટીદારની પસંદગી

ગાંધીનગર, તા. ૧૬

ભારતીય જનતા પક્ષે ગાંધીનગર જિલ્લા પંચાયત ઉપરાંત દહેગામ તાલુકા પંચાયત અને માણસા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પાટીદારની પસંદગી કરી છે.

દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સાંપા બેઠક પર વિજયી થયેલ પાલૈયા ગામના રહેવાસી સ્નેહાબેન કેતનકુમાર પટેલ અને ઉપપ્રમુખ પદ માટે ધારીસણા બેઠકના વિજેતા ઉમેદવાર અને વર્ધાનામુવાડા ગામના રહીશ કલ્યાણસિંહ ઠાકોરની પસંદગી કરી છે.

૧૦ વર્ષ બાદ ભાજપ દહેગામ તાલુકા પંચાયતમાં સત્તાના સૂત્રો સંભાળી રહેલ છે. આ તાલુકા પંચાયતમાં ભાજપના ૧૬ સભ્યો અને કોંગ્રેસના ૧૨ સભ્યો ચૂંટાયા છે.

આજે કોંગ્રેસે પણ દહેગામ તાલુકા પંચાયતના હોદ્દેદારોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો રજુ કર્યા હતા. પીપલજ બેઠકના વિજયી ઉમેદવાર શિલ્પાબેન રમેશભાઈ પટેલે પ્રમુખપદ માટે અને ઉપપ્રમુખ પદ માટે રમેશજી ચૌહાણને ઉમેદવારી પત્ર ભરાવડાવ્યુ છે.

૧૭મીએ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ચૂંટણી યોજાશે અને મૌખિક તેમજ હાથ ઉંચા કરી મતદાનને અંતે પરિણામ જાહેર કરવામાં આવશે. આ માટે તંત્રએ તેની તૈયારીઓ પૂરી કરી દીધી છે.

બીજી તરફ માણસા તાલુકા પંચાયતમાં ધોળાકુવા બેઠક પર વિજયી થયેલા ભીખાભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે માણેકપુર બેઠકના વિજયી થયેલા જ્યોત્સનાબેન ચૌધરીએ ભાજપ તરફથી ઉમેદવારીપત્રો ભર્યા છે. માણસા તાલુકા પંચાયતમાં ભાજપે ૧૯ બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો જ્યારે કોંગ્રેસે ૭ બેઠકો પર વિજય હાંસલ કર્યો હતો.

# શહેર-જિલ્લામાં કોરોના વધુ વકર્યો શહેરમાં ૧૨ અને ગ્રામીણમાં ૯ કેસ

### ગાંધીનરમાં ૫, દહેગામમાં ૩ અને માણસામાં ૧ કેસ : સે. ૨ અને ૩ માં બે-બે કેસ ઉપરાંત સે. ૪, ૮, ૨૦, ૨૪, ૨૭, ૧૩, ૧૯ અને ૨૬ માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૨૧ કેસ નોંધાયા છે. કોરોનાના કેસોમાં જે ગતિએ વધારો થઈ રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં નવ કેસ અને શહેરમાં ૧૨ કેસ નોંધાયા છે. મોટી વયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ પણ તંત્ર ચિંતાતુર બન્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા નવ કેસમાં ૬ કેસ મહિલા દર્દીના હોવા ઉપરાંત ૯ વર્ષની એક નાની દિકરી પણ સંક્રમિત થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાંચ કેસ ગાંધીનગર તાલુકામાં ૩ કેસ દહેગામમાં અને એક કેસ માણસામાં નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામે ૩ કેસ ઉપરાંત ઝુંડાલ અને કુડાસણ ગામેથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકાના ધારીસણા ગામેથી આજે ૩ કેસ મળી આવેલ છે. જેમાં ૯ વર્ષની એક નાની દિકરીનો પણ સમાવેશ થાય છે.

માણસામાં આજોલ ગામેથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૧૯૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૦૦૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૨ કેસ મળી આવ્યા છે. જે રીતે દર્દીઓની સંખ્યામાં વૃદ્ધિ જોવા મળી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા ૧૨ કેસમાં ૩ કેસ મહિલા દર્દીના તેમજ ૫૦ થી વધુ વય ધરાવતા તમામ દર્દીઓ છે. મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે સંક્રમિત થનારાઓમાં કર્મયોગી, એક ખાનગી ઓટોમોબાઈલનો કર્મચારી, એક તબીબ, એક સરકારી શાળાનો શિક્ષક તેમજ શાકમાર્કેટ સે. ૨૧ના એક વેપારીનો સમાવેશ થાય છે.

આજે સે. ૨ માંથી ૨, સે. ૩ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૪, ૮, ૨૦, ૨૪, ૨૭, ૧૩, ૧૯ અને સે. ૨૬ માંથી કેસો મળી આવ્યા છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેથી તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સ અને ટેસ્ટીંગમાં વધારો કરવા માટે સૂચનાઓ આપી છે એટલુ જ નહિ સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જાળવતા એકમો સામે પગલાં લેવા માટે કડક તાકીદ કરી છે.

શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યા ૭૦ના આંકને પાર કરી ગઈ છે તો સમગ્ર જિલ્લામાં એક્ટીવ કેસોની સંખ્યા ૧૨૦ના આંકને પાર કરી ગઈ છે.

# શહેરમાં આકરા ઉનાળાનો આરંભ

### લઘુત્તમ તાપમાનમાં એક દિવસમાં પાંચ ડિગ્રીનો વધારો : તડકો વધુ આકરો બન્યો : એકાદ-બે દિવસમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર થઈ શકે છે

ગાંધીનગર, તા. ૧૬

માર્ચ મહિનાના મધ્યે ઉનાળો જામતો જાય છે. આકરા ઉનાળાનો આરંભ થઈ ગયો હોય તેવી આકરી ગરમી પડવા માંડી છે. લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં પાંચ ડિગ્રી જેટલુ વધી ગયુ છે. જેના કારણે રાત્રે પણ ગરમી વધવા લાગી છે.



ઉનાળો હવે તેનો આકરો મિજાજ દર્શાવી રહ્યો છે. ધીમે ધીમે ઉનાળો આકરો બની રહ્યો છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધતા ખૂબ ગરમી અનુભવાઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી પ્રતિદિન તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને રાત્રીના તાપમાનમાં વધારો થતાં રાત્રે પણ હવે બફારો વધી રહ્યો છે.

દિવસે સૂર્યનો મિજાજ ખૂબ આકરો બની રહ્યો છે. ગરમી વધતા એસી અને કૂલરનો વપરાશ પણ વધવા માંડ્યો છે. ઠંડા પીણા અને આઈસક્રીમનો ઉપાડ છેલ્લા કેટલાક દિવસોથી વધી ગયો છે. છેલ્લા ત્રણ-ચાર દિવસના મહત્તમ-લઘુત્તમ તાપમાનના આંકડાઓનો અભ્યાસ કરીએ તો ગત તા. ૧૩મી માર્ચના રોજ મહત્તમ તાપમાન ૩૭ ડિ.સે., લઘુત્તમ તાપમાન ૧૫ ડિ.સે., ૧૪મી માર્ચના રોજ મહત્તમ તાપમાન ૩૭.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડિ.સે., ૧૫મી માર્ચના રોજ મહત્તમ તાપમાન ૩૭.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે આજે તા. ૧૬મી માર્ચના રોજ મહત્તમ તાપમાન ૩૯ ડિ.સે. પર પહોંચી ગયુ હતુ અને લઘુત્તમ તાપમાન સીધુ પાંચ ડિગ્રી જેટલુ ઉંચકાઈને ૨૨ ડિગ્રીએ પહોંચી જતા આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી એકાદ-બે દિવસમાં તાપમાન વધુ ઉંચકાઈ શકે છે અને મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી જઈ શકે છે.

## મનપાની સામાન્ય સભા ૨૩મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા આગામી ૨૩મીના રોજ મહાનગરપાલિકાના સભાખંડમાં મળશે.મનપાની સામાન્ય ચૂંટણી પૂર્વેની આ અંતિમ સામાન્ય સભા મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને ૨૩મીને મંગળવારે બપોરે ૧૨.૩૦ વાગે મળશે.

આ સામાન્ય સભામાં સ્થાયી સમિતિએ મંજૂર કરેલ અંદાજપત્ર જોઈ અને તેને મંજૂરી આપવામાં આવશે. આ સામાન્ય સભામાં અન્ય કોઈ એજન્ડા સમાવવામાં આવ્યા ન હોવાથી રાજકીય વર્તુળોમાં તે ચર્ચાનો મુદ્દો બન્યો છે.




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com